પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૫ | ૧૭ જાન્યુઆરી, ૨૦૨૨, સોમવાર; પોષ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના યથાવત : દેશમાં ૨,૭૧,૨૦૨ નવા કેસ

## સક્રિય દર્દીઓની સંખ્યા ૧૫.૫૦ લાખને પાર : ઓમિક્રોનના કેસ પણ ઝડપથી વધી રહ્યા છે



નવી દિલ્હી, તા.૧૫

દેશમાં જીવલેણ કોરોના વાયરસ મહામારીની સ્પીડ રોકાવાનું નામ લઈ રહી નથી. દિવસેને દિવસે આંકડો બેકાબૂ બની રહ્યો છે. જ્યારે, કોરોનાના સૌથી ખતરનાક વેરિયન્ટ ઓમિક્રોનના કેસ પણ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૨,૭૧,૨૦૨ નવા કેસ નોંધાયા છે અને ૩૧૪ લોકોના મોત થયા છે. જ્યારે, કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટના અત્યાર સુધીમાં ૭ હજાર ૭૪૩ કેસ નોંધાયા છે. મોટી વાત એ છે કે દેશમાં ગઈકાલ કરતાં ૨,૩૬૯ વધુ કેસ નોંધાયા છે, જ્યારે ગઈકાલે કોરોના વાયરસના ૨,૬૮,૮૩૩ કેસ નોંધાયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૫ લાખ ૫૦ હજાર ૩૭૭ થઈ ગઈ છે. જ્યારે, આ મહામારીને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪ લાખ ૮૬ હજાર ૬૬ થઈ ગઈ છે. માહિતી અનુસાર, ગઈકાલે એક લાખ ૩૮ હજાર ૩૩૧ લોકો સાજા થયા હતા. ત્યારબાદ અત્યાર સુધીમાં ૩ કરોડ ૫૦ લાખ ૮૫ હજાર ૭૨૧ લોકો સંક્રમણમાંથી મુક્ત થઈ ગયા છે.

## ભારતમાં હાલ કોરોનાને ફ્લૂ તરીકે જાહેર ન કરી શકાય

### સ્પેન દ્વારા કોરોનાને ફ્લૂની શ્રેણીમાં મુકવામાં આવ્યું છે : આપણે જો કોરોનાને ફ્લૂ તરીકે જાહેર કરી તો સંક્રમણ ખૂબ વધુ ઝડપથી ફેલાય શકે છે : ડોક્ટર મુકેશ મહેશ્વરી

અમદાવાદ, તા.૧૬

સ્પેન દ્વારા કોરોનાને ફ્લૂની શ્રેણીમાં મુકવામાં આવ્યું છે, અન્ય કેટલાક યુરોપના દેશોએ ગાઈડલાઈનમાં છૂટછાટ આપી છે, જેને લઈ મેડિકલ એસોસિએશનના મીડિયા કન્વિનર ડોક્ટર મુકેશ મહેશ્વરીએ કહ્યું કે, અત્યારે ભારત મહામારીના પિક તરફ જઈ રહ્યો છે. હાલની સ્થિતિએ આપણે જો કોરોનાને ફ્લૂ તરીકે જાહેર કરી દઈએ તો પોઝિટિવ રિપોર્ટ આવનાર પણ નિશ્ચિન્ત થઈને બહાર ફરવા લાગશે અને સંક્રમણ ખૂબ વધુ ઝડપથી ફેલાય એવી શક્યતા છે. હજુ આગામી ૧૫ દિવસમાં ભારત કોરોનાના પિકથી પસાર થઈ જાય, હજુ વધુ ડેટા આવી જાય અને કેસો ઘટી જાય તો નિયમોમાં જરૂરથી ઢીલાશ આપવા માટે ડેટાનો અભ્યાસ કરીને વિચાર કરી શકાય.

વધતા કોરોના સંક્રમણ મામલે ડો. મુકેશ મહેશ્વરીએ જણાવ્યુ કે, દરેક દેશની ભૌગોલિક પરિસ્થિતિ, ત્યાં કોરોનાના કેટલા વેવ આવ્યા અને વેક્સીનેશન કેટલું થયું છે એ જોતાં ફ્લૂની શ્રેણીમાં કોરોનાને મુકવો કે નહીં એ અંગે નિર્ણય લેવાઈ રહ્યા છે. સ્પેન સહિત યુરોપના કેટલાક દેશોમાં ૪ થી ૫ કોરોનાના વેવ આવી ચુક્યા છે, તેમજ વેક્સીનેશનનું પ્રમાણ ખૂબ ઊંચું છે, એ સિવાય એ દેશોમાં વર્કફોર્સનું પ્રમાણ ખૂબ ઓછું છે, એ તમામ સમીકરણો જોતા કોરોનાને ફ્લૂ તરીકે જોવાનો નિર્ણય એ દેશો કરી રહ્યા છે. ભારતમાં આપણે હાલ કોરોનાને ફ્લૂ તરીકે હાલ જાહેર ના કરી શકીએ, હાલ આપણે ગાઈડલાઈન બદલીને દર્દી માટે આઈસોલેશનનો ગાળો ૧૪ દિવસથી ઘટાડી ૭ દિવસનો કર્યો છે. જો કેસો ખૂબ વધી જાય અને ૧ ટકા દર્દીઓને દાખલ કરવો પડે તો આપણી હેલ્થ સિસ્ટમ પર મોટો લોડ પડી શકે છે.

હાલ કોરોનાં કેસો હજારોની સંખ્યામાં આવી રહ્યા છે ત્યારે લોકો જાતે જ દવાઓનું સેવન કરવા લાગ્યા છે જેના જવાબમાં તબીબે કહ્યું કે આપણે પાછલી વેવમાં હાઈડ્રોક્સીક્લોરોકવિન, એઝીથ્રોમાઈસીન જેવી દવાઓનો ઉપયોગ કરતા હતા, પણ આ દવાઓનો કોરોનાના ઈલાજમાં કોઈ ઉપયોગ નથી એ સાબિત થયું છે. મોટાભાગના દર્દીઓ માઈલ્ડ લક્ષણો સાથે પોઝિટિવ આવી રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

## આફ્રિકામાં ઓમિક્રોન વેરિઅન્ટની અસર ઘટી


### દક્ષિણ આફ્રિકામાં છેલ્લા એક સપ્તાહમાં સંક્રમિતોની સંખ્યામાં ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો છે : ડબ્લ્યુએચઓ

નવી દિલ્હી, તા.૧૬

વિશ્વભરમાં કોરોનાની ત્રીજી લહેર લોકોને ખૂબ જ ઝડપથી સંક્રમિત કરી રહી છે. ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં ઓમિક્રોન વેરિઅન્ટના ઘણા કેસ સામે આવી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વેરિઅન્ટ ડેલ્ટા કરતા ઓછું ખતરનાક છે પરંતુ તે વધુ ચેપી છે. આ વાતો વચ્ચે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન તરફથી એક સારા સમાચાર સામે આવ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું છે કે આફ્રિકામાં ચોથી લહેર ધીમે ધીમે ઘટી રહ્યું છે.

૬ અઠવાડિયા પછી આફ્રિકામાં ચાલી રહેલી ઓમિક્રોન વેરિઅન્ટની ચોથી લહેર હવે ઓછી થવા લાગી છે. ૧૧ જાન્યુઆરી સુધીમાં આફ્રિકામાં ૧૦.૨ મિલિયન ઝ્ફૈંદ્ઘ-૧૯ કેસ સામે આવ્યા હતા. દક્ષિણ આફ્રિકા, જ્યાં મહામારીથી સંક્રમિત લોકોની સંખ્યામાં ભારે વધારો જોવા મળ્યો હતો, ત્યાં પણ છેલ્લા એક સપ્તાહમાં સંક્રમિતોની સંખ્યામાં ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો છે.

દક્ષિણ આફ્રિકા જ્યાં ઓમિક્રોન વેરિઅન્ટ નો પ્રથમ કેસ નોંધાયો હતો, ત્યાં પણ સાપ્તાહિક સંક્રમણમાં ૯% ઘટાડો જોવા મળ્યો. પૂર્વ અને મધ્ય આફ્રિકન વિસ્તારોમાં પણ ઘટાડો નોંધાયો છે.



## આઘાત લાગ્યો પરંતુ, કેપ્ટનની સફળ ઈનિંગ માટે અભિનંદન

### રોહિત શર્માએ કોહલી માટે લખ્યો ઈમોશનલ મેસેજ : કોહલી ભારતનો સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન છે, કોહલીની કપ્તાનીમાં ભારતે ૬૮માંથી ૪૦ ટેસ્ટ મેચ જીતી હતી

નવી દિલ્હી, તા.૧૬

વિરાટ કોહલીએ શનિવારે ભારતીય ટીમના ટેસ્ટ કેપ્ટનનું પદ છોડ્યું. એવામાં વિરાટ હવે ભારત માટે માત્ર બેટ્સમેન તરીકે મેદાનમાં રમતા જોવા મળશે. કોહલીના ટેસ્ટ સુકાનીપદ છોડ્યા બાદ ફેન્સની સાથે દિગ્ગજ ક્રિકેટર પણ ચોંકી ગયા છે. આ કડીમાં ભારતની સીમિત ઓવરોની ટીમના કેપ્ટન રોહિત શર્માનું નામ પણ જોડવામાં આવ્યું છે. ટીમ ઈન્ડિયાના હિટમેન રોહિત શર્મા તેના સાથી ખેલાડી વિરાટ કોહલીના ટેસ્ટ કેપ્ટનશિપ છોડવાથી ખૂબ જ આશ્ચર્યમાં મૂકાયા છે, અને દર્દનાક મેસેજ લખ્યો છે. રોહિતે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'આઘાત લાગ્યો. પરંતુ, ભારતીય કેપ્ટન તરીકે સફળ ઈનિંગ માટે અભિનંદન. ભવિષ્ય માટે શુભકામનાઓ. કોહલીની કેપ્ટનશીપ છોડ્યા બાદ રોહિત શર્મા પણ ટેસ્ટ ફોર્મેટમાં કેપ્ટન બનવાનો દાવેદાર છે. જોકે, મ્ઝ્રઝ્રૈં આ મામલે સમજી વિચારીને નિર્ણય લેવા માંગે છે. ટેસ્ટ કેપ્ટન બનવાની રેસમાં કેએલ રાહુલ, શ્રેયસ અય્યર અને વિકેટ કીપર બેટ્સમેન રિષભ પંતના નામ પણ સામે આવી રહ્યા છે.



વિરાટ કોહલી ભારતનો સૌથી સફળ ટેસ્ કેપ્ટન છે. કોહલીની કપ્તાનીમાં ભારતે ૬૮માંથી ૪૦ ટેસ્ટ મેચ જીતી હતી. ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ જેવા દેશોમાં વિરાટની કપ્તાનીમાં ભારતે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની ઓળખ બનાવી હતી. તેના સિવાય વિરાટે ર્ંડ્ઢૈં અને ્‌૨૦ ઈન્ટરનેશનલમાં કેપ્ટન તરીકે પણ શાનદાર રેકોર્ડ બનાવ્યો હતો.

હાલ રોહિત શર્મા હેમસ્ટ્રિંગની ઈજાને કારણે દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાંથી બહાર છે. રોહિતની ગેરહાજરીમાં કેએલ રાહુલ આગામી વનડે શ્રેણીમાં કેપ્ટનશિપ કરતો જોવા મળશે.

નોંધનીય છે કે વિરાટ કોહલીએ ્‌૨૦ની કેપ્ટનશીપ છોડ્યા બાદ મ્ઝ્રઝ્રૈંએ રોહિત શર્માને સફેદ બોલ ક્રિકેટનો કેપ્ટન બનાવ્યો હતો. રોહિત શર્માની કેપ્ટનશીપ ગત વર્ષે ન્યુઝીલેન્ડ સામે રમાયેલી ટી૨૦ સીરીઝમાં ફુલ ટાઈમ કેપ્ટન તરીકે જોવા મળી હતી. તે સીરિઝમાં ભારતે ૩-૦થી જીત મેળવી હતી.

વિરાટ કોહલી અને રોહિત શર્મા વચ્ચે અણબનાવના સમાચાર હંમેશા સોશિયલ મીડિયા પર આવતા રહે છે. પરંતુ બંને સ્ટાર ખેલાડીઓએ તેમને ક્યારેય યોગ્ય કહ્યા નથી. વિરાટ કોહલીને વનડેની કેપ્ટનશીપ પરથી હટાવ્યા બાદ અટકળોનું બજાર વધુ ગરમાયું હતું.

## મુલાયમની પુત્રવધૂ અપર્ણા ભાજપમાં જોડાઈ શકે છે



લખનૌ, તા.૧૬

ઉત્તર પ્રદેશમાં જેમ જેમ વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ નેતાઓમાં પક્ષપલટો થઈ રહ્યો છે. હવે આ કડીમાં મુલાયમ સિંહ યાદવની નાની વહુ અપર્ણા યાદવનું નામ પણ જોડાઈ શકે છે. એવી અટકળો છે કે અપર્ણા ટૂંક સમયમાં ભાજપમાં જોડાઈ શકે છે. જો કે, આ અંગે સત્તાવાર પુષ્ટિ થઈ નથી. અપર્ણા યાદવે લખનૌની કેન્ટ બેઠક પરથી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી લડી હતી, જ્યારે તે બીજા ક્રમે રહી હતી. તેમને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર રીટા બહુગુણા જોશીએ હરાવ્યા હતા. જોકે, અપર્ણાને લગભગ ૬૩ હજાર વોટ મળ્યા હતા. અપર્ણા મુલાયમ સિંહની બીજા પત્ની સાધના ગુપ્તાના પુત્ર પ્રતીક યાદવની પત્ની છે.

## ભારતે ૨૦૨૧માં સોનાની ધૂમ આયાત કરી


### ગોલ્ડ ઈમ્પોર્ટનો આંકડો બમણો થયો : ડિસેમ્બરમાં સોનાની આયાત વધીને ૪.૮ અબજ ડોલર

નવી દિલ્હી, તા.૧૬

કોરોના તેની ટોચ પર હતો ત્યારે ભારતમાં સોનાની ભારે આયાત કરવામાં આવી હતી. એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૧ના સમયગાળા દરમિયાન સૌથી વધુ સોનાની આયાત કરવામાં આવી હતી. એક અંદાજ પ્રમાણે આ નવ મહિનામાં ગોલ્ડ ઈમ્પોર્ટ બમણું થઈને ૩૮ અબજ ડોલર સુધી પહોંચ્યું હતું.

ગોલ્ડની આયાત વધે તે સરકાર માટે ચિંતાનો વિષય ગણાય છે કારણ કે સોનાની આયાત પાછળ સારું એવું વિદેશી હુંડિયામણ ખર્ચ કરવું પડે છે. ગોલ્ડની આયાત જેમ જેમ વધતી જાય તેમ દેશની ચાલુ ખાતાની ખાધ એટલે કે કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ વધે છે.

વાણિજ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૧ના ગાળા દરમિયાન ભારતમાં સોનાની આયાત અગાઉ કરતા બમણી થઈને ૩૮ અબજ ડોલરે પહોંચી હતી. એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૦ના સમયમાં ભારતે ૧૬.૭૮ અબજ ડોલરના ગોલ્ડની આયાત કરી હતી.




## વર્લ્ડ નંબર વન ટેનિસ સ્ટાર નોવાક જોકોવિચ કેસ હાર્યો

મેલબર્ન, તા.૧૬

વિશ્વના નંબર વન સર્બિયન ટેનિસ સ્ટાર નોવાક જોકોવિચે વિઝા કેન્સલ થવાના કેસમાં કરવામાં આવેલી અપીલ વિરુદ્ધ કેસ હારી ગયો છે. આ સાથે જ તે વર્ષના પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયમ ઓપન ૨૦૨૧થી પણ બહાર થઈ ગયો છે. ફેડરલ કોર્ટે જોકોવિચ પર ૩ વર્ષ માટે ઓસ્ટ્રેલિયામાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

કોરોનાની રસી ન લેવાને કારણે જોકોવિચનો વિઝા બીજી વાર રદ કરવામાં આવ્યો હતો. નોવાક જોકોવિચની ઓસ્ટ્રેલિયામાં અટકાયત કરવામાં આવી હતી.

## સમાજવાદી પાર્ટીના બે MLC ભાજપમાં જોડાયા

### કોંગ્રેસના નેતાઓએ પણ પક્ષપલટો કર્યો છે : ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ વાગી ગયું છે અને નેતાઓની પક્ષપલટોનો ખેલ ચાલી રહ્યો છે

લખનઉ, તા.૧૬

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ વાગી ગયું છે અને નેતાઓની પક્ષપલટોનો ખેલ ચાલી રહ્યો છે. ઘણા નેતાઓએ ભાજપ છોડી સપા તો ઘણા ઘણાએ સપા છોડી ભાજપમાં જોડાયા છે. બસપા અને કોંગ્રેસના નેતાઓએ પણ પક્ષપલટો કર્યો છે. એવામાં રવિવારે એસપીના ૨ MLC ઘનશ્યામ લોધી અને શૈલેન્દ્ર સિંહ ભાજપમાં જોડાયા છે. આ ઉપરાંત પૂર્વ ધારાસભ્ય ઓમ પ્રકાશ પણ ભાજપમાં જોડાયા છે. મળતી માહિતી મુજબ યુપી બીજેપી અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહે આ નેતાઓને પાર્ટીની સદસ્યતા આપી દીધી છે. સપાના વિધાન પરિષદના બે સભ્યો ઉપરાંત પૂર્વ IAS રામ બહાદુર BSP છોડીને ભાજપમાં જોડાયા છે. આ સાથે જ પૂર્વ ધારાસભ્ય ઓમપ્રકાશ વર્મા પણ ભાજપમાં જોડાયા છે. આ પહેલા પૂર્વ IPS ઓફિસર અસીમ અરુણ પણ આજે લખનઉ સ્થિત પાર્ટી કાર્યાલય ખાતે ભાજપમાં જોડાયા હતા. ભાજપમાં જોડાયા બાદ અસીમ અરુણે કહ્યું કે આજે હું ખૂબ જ ખુશ છું, સંતુષ્ટ છું. ભાજપ પાસે નવું નેતૃત્વ વિકસાવવાનું વિઝન છે.